૩ થી ૭ સૂત્રોમાં આચાર્યશ્રી પાંચેય ભાવના ભેદો સમજાવશે.

<u>ઔપશમિક (ઉપશમ) ભાવના ભેદો:</u>

સમ્યક્ત્વ - ચારિત્રે ...... ૨-૩

<u>સૂત્રાર્થ</u>: ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર એ ઔપશમિક ભાવના ભેદો છે.

<u>ભાવાર્થ</u>: ઉપશમ માત્ર મોહનીય કર્મનો જ થાય છે. મોહનીય કર્મના <u>દર્શન</u> મોહનીય અને <u>ચારિત્ર</u> મોહનીય એ બે મુખ્ય ભેદ છે.

<u>દર્શન મોહનીયના ત્રણ ભેદ</u>: સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય

<u>ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ</u>: અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ કુલ ૧૬ કષાય અને ૯ નોકષાય

હવે ઉપશમ સમ્યક્ત્વ એટલે શું આવે ? અનંતાનુબંધી ચાર કષાયો અને ત્રણ દર્શન મોહનીય મળીને દર્શન સપ્તક કહેવાય. આ દર્શન સપ્તકના ઉપશમથી તત્ત્વોમાં જે શ્રદ્ધા ઉત્પન્ન થાય તેને ઉપશમ સમ્યક્ત્વ કહે છે. ૪ થી ૧૧ ગુણસ્થાન સુધીમાં આ ઉપશમ સમ્યક્ત્વ હોય છે.

<u>ઉપશમ ચારિત્ર</u>: અનંતાનુબંધી ચાર (૪) કષાય સિવાયની ચારિત્ર મોહનીયની બાકીની ૨૧ પ્રકૃતિના ઉપશમથી ઉપશમ ચારિત્ર પ્રગટે છે. ઉપશમ ભાવનું ચારિત્ર માત્ર ઉપશમ શ્રેણીમાં ૯-૧૦-૧૧ ગુણસ્થાનમાં હોય છે.

ઔપશમ સમ્યક્ત્વ કે ઔપશમ ચારિત્ર વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. ઔપશમ સમ્યક્ત્વ એક ભવમાં બે વાર અને ભવ ચક્રમાં પાંચવાર પ્રાપ્ત થાય છે. ઔપશમ ચારિત્ર સંસાર ચક્રમાં વધારેમાં વધારે ચાર વાર પ્રાપ્ત થાય છે કારણ કે ઉપશમ શ્રેણી વધારેમાં વધારે ચાર વાર જ માંડી શકાય છે.

હવે ક્ષાયિક ભાવના ૯ ભેદ સમજાવે:

જ્ઞાન - દર્શન - દાન - લાભ - ભોગ - ઉપભોગ - વીર્યાણિ ચ ..(૨-૪)

<u>સૂત્રાર્થ:</u> જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય સમ્યક્ત્વ અને ચારિત્ર એમ નવ ક્ષાયિક ભાવના ભેદો છે.

<u>ભાવાર્થ:</u> મૂળ સૂત્રમાં સાત ગુણોનો શબ્દથી ઉલ્લેખ કર્યો છે અને છેલ્લા બે ગુણો "ચ" શબ્દથી ઉપરના સૂત્ર (૨-૩) માંથી લીધા છે વ્યાકરણમાં "ચ" શબ્દથી ઉપરના સૂત્રમાંથી જે ભાગ લેવામાં આવે તેને અનુવૃત્તિ કહેવાય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર <u>ઘાતી કર્મોનો</u> સર્વથા નાશ (ક્ષય) થવાથી નવ ક્ષાયિક ભાવ પ્રગટ થાય છે.

જ્ઞાન એટલે ક્ષાયિક જ્ઞાન અથવા કેવળજ્ઞાન
દર્શન એટલે ક્ષાયિક દર્શન અથવા કેવળદર્શન
દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય એટલે દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, અને વીર્યાંતરાય ના ક્ષયથી ઉત્પન્ન થતી દાન લબ્ધિ, લાભ લબ્ધિ, ભોગ લબ્ધિ, ઉપભોગ લબ્ધિ અને વીર્યલબ્ધિ

દર્શન સપ્તકના સર્વથા ક્ષયથી પ્રગટ થતું ક્ષાયિક
શ્રેણિક આદિને ક્ષાયિક સમ્યક્ત્વ અને ચારિત્ર
મોહનીયની બાકીની ૨૧ પ્રકૃતિ (ચાર અપ્રત્યાખ્યાની,
ચાર પ્રત્યાખ્યાની, ચાર સંજ્વલન અને નવ નોકષાય)
ના સર્વથા ક્ષયથી ક્ષાયિક ચારિત્ર પ્રગટ થાય છે.

ટૂંકમાં જ્ઞાનાવરણીય નો ક્ષય (૧), દર્શનાવરણીય નો ક્ષય (૧)
અંતરાય નો ક્ષય (૫), ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર
એમ ક્ષાયિકભાવના ૯ ભેદો છે.

ક્ષાયિક સમ્યક્ત્વ ૪ થી ૧૪ ગુણસ્થાને હોય
ક્ષાયિક ચારિત્ર ૧૨ થી ૧૪ ગુણસ્થાને હોય.

હવે પાંચમા સૂત્ર માં ક્ષાયોપશમિક (ક્ષયોપશમ ભાવ) ભાવના ૧૮ ભેદો સમજાવે છે.

જ્ઞાન-અજ્ઞાન-દર્શન-દાનાદિલબ્ધયઃ
ચતુઃ ત્રિ-ત્રિ-પંચ ભેદાઃ સમ્યક્ત્વ-
ચારિત્ર-સંયમાસંયમાઃ ચ ......(2-૫)

સૂત્રાર્થ: જ્ઞાન ના ચાર ભેદ [મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન] ——(૪)

અજ્ઞાન ના ત્રણ ભેદ [મતિ અજ્ઞાન-શ્રુત અજ્ઞાન-(અવધિઅજ્ઞાન) વિભંગજ્ઞાન] ——(3)

દર્શન ના ત્રણ ભેદ [ચક્ષુદર્શન-અચક્ષુદર્શન-અવધિ દર્શન] ——(3)

દાનાદિ લબ્ધિના <u>પાંચ</u> ભેદ [દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય] ———— (૫)

દર્શન સપ્તકના ક્ષયોપશમથી ક્ષયોપશમ સમ્યક્ત્વ — (૧)

અપ્રત્યાખ્યાની (ક્રોધ-માન-માયા-લોભ)ના ક્ષયોપશમથી દેશવિરતિ ચારિત્ર (સંયમાસંયમ) આવે —— (૧)

બાકીના ૧૭ મોહનીય કર્મ (પ્રત્યાખ્યાની ૪, સંજ્વલન ૪ અને નોકષાય-૯)ના ક્ષયોપશમથી સર્વવિરતિ ચારિત્ર આવે ———— (૧)

એમ ક્ષાયોપશમિક ભાવના (૪+૩+૩+૫+૧+૧+૧) કુલ ૧૮ ભેદ થયા.

<u>ભાવાર્થ:</u> મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યવજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન પ્રગટ થાય છે. મોહનીયનો ક્ષયોપશમ હોવાથી આ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

મિથ્યાત્વયુક્ત મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને અવધિ અજ્ઞાન (વિભંગ જ્ઞાન) પ્રગટ થાય છે. અહીં મોહનીયનો ઉદય હોવાથી આ જ્ઞાનને અજ્ઞાન કહેવાય છે.

ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અને અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન પ્રગટ થાય છે.

દર્શનમાં ત્રણ જ ભેદ હોય છે કારણ કે સામાન્ય બોધ હોય ત્યારે સમ્યગ દર્શન અને મિથ્યાત્વ દર્શન એવો ભેદ હોતો નથી. પરંતુ જ્ઞાનમાં વિશેષ ભેદ હોવાથી સમ્યગ્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાન એવા ભેદ હોય છે, માટે મતિ, શ્રુત અને અવધિમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એવા ભેદ પડે છે

હવે સમ્યક્ત્વ - સંયમાસંયમ (દેશ વિરતિ) અને સર્વવિરતિ ચારિત્ર આ ત્રણ ગુણો મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

મોહનીય કર્મમાં દર્શનસપ્તકના ક્ષયોપશમથી સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે.

અપ્રત્યાખ્યાનીય ચાર કષાયોના ક્ષયોપશમથી દેશવિરતિ (સંયમાસંયમ) ગુણ પ્રગટે છે.

અને બાકીની ૧૭ ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓના (પ્રત્યાખ્યાની-૪, સંજ્વલન-૪ અને નોકષાય-૯) ક્ષયોપશમથી અને તેમાં મુખ્યત્વે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી સર્વવિરતિ ચારિત્ર ગુણ પ્રગટે છે.

દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી દાન, લાભ, ભોગ ઉપભોગ અને વીર્ય એમ પાંચ લબ્ધિ પ્રગટે છે. આ પ્રમાણે ચાર ઘાતીકર્મના ક્ષયોપશમથી ૧૮ ગુણો જીવમાં પ્રગટે છે.

સૂત્ર ૨-૧ થી ૨-૭ માં ધ્યાનમાં રાખવા સમજવા જેવા કેટલાક મુદ્દા:

- કર્મ બે રીતે ઉદયમાં આવે છે. રસોદયથી અને પ્રદેશોદયથી. રસોદયને વિપાકોદય પણ કહે છે. રસોદય એટલે કેટલી શક્તિથી કર્મ ઉદયમાં આવે તે. પરંતુ ઉદયમાં આવતા પહેલા કર્મોનો રસોદય અતિ મંદ કરી ભોગવવું તે પ્રદેશોદય.
  પરંતુ પ્રદેશોદયથી તો કર્મ ભોગવવું જ પડે. દાખલા તરીકે અનંતાનુબંધી ક્રોધ તરીકેનો રસને અનંતાનુબંધી રૂપે ભોગવવું તે રસોદય. અનંતાનુબંધી ક્રોધને અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, વગેરે ભાવોને ભોગવવું તે અનંતાનુબંધીનો પ્રદેશોદય.
- ઉપશમ ભાવમાં પ્રદેશોદય અને વિપાકોદય (રસોદય) બંને પ્રકારે કર્મના ઉદયને રોકવામાં (ઉપશમ) આવે છે. ઉદય હોતો નથી. કારણ ઉપશમ કરેલ છે.
- ક્ષયોપશમ ભાવમાં કર્મોનો પ્રદેશોદય હોય છે પણ રસોદય હોતો નથી.
- ઔદયિક ભાવમાં કર્મના ફળનો અનુભવ વિપાકોદયથી (રસોદયમાં) થાય છે.
- સંસારી જીવોમાં ત્રણ-ચાર-કે પાંચ ભાવ સંભવે છે.
- ✓ ઔદયિક અને પારિણામિક ભાવો જીવ-અજીવ બંનેમાં હોય છે. (પાછળ) →
  ભવ્ય અને અભવ્ય બંનેમાં હોય છે.

કર્મ તથા ભાવનો સંબંધ :-

✓ — મોહનીય કર્મમાં ઔપશમિક આદિ પાંચે ભાવો હોય છે.

✓ — જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયમાં ઔપશમિક સિવાયના ચાર ભાવ હોય છે.

— વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય — એ ચાર કર્મોને ક્ષાયોપશમિક અને ઔપશમિક સિવાયના ત્રણ (ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક) ભાવ હોય છે.

— કોઈપણ જીવને (નિગોદથી માંડીને પંચેન્દ્રિય સુધી) ઓછામાં ઓછા ત્રણ ભાવ - ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔદયિક - હોય જ.

- ફક્ત ઉપશમ માત્ર મોહનીય કર્મનો જ હોય છે. ✓
- ક્ષયોપશમ ચાર ઘાતી કર્મોનો જ હોય છે. ✓
- પારિણામિક, ક્ષાયિક, ઔદયિક આ ત્રણે ભાવ આઠે કર્મોને હોય છે.

o ક્ષાયિક સમકિત ચોથા થી ચૌદમા ગુણસ્થાન સુધી હોય.

o ઉપશમ સમકિત ચોથા થી અગ્યારમા ગુણસ્થાન સુધી હોય

o ઉપશમ ચારિત્ર નવમા થી અગ્યારમા ગુણસ્થાન સુધી હોય.

o સમ્યક્ત્વ અને ચારિત્ર એ બેમાં જ ઔપશમિક ભાવ હોય છે.

o વિભંગ જ્ઞાન એટલે મિથ્યાત્વયુક્ત અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી પ્રગટે તે વિપરીત અવધિજ્ઞાન. અહીં જ્ઞાન નો અભાવ તે અજ્ઞાન નહિ કહ્યું પરંતુ વિપરીત જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે.

o કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે જ હોય - ક્ષાયોપશમિક કેવળજ્ઞાન હોઈ શકે જ નહિ.

o યોગ થી લેશ્યા ઉત્પન્ન થાય છે અને કષાયથી તેમાં તીવ્રતા - મંદતા આવે છે. ✓

o લેશ્યાના - દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા એમ બે પ્રકારો કહી શકાય.
શરીરનો વર્ણ તે દ્રવ્ય લેશ્યા અને
અંતરંગ પરિણામ તે ભાવ લેશ્યા.

<u>પ્રશ્ન:</u> દર્શનાવરણીય શબ્દમાં 'દર્શન' અને સમ્યગ્દર્શન શબ્દમાં રહેલું 'દર્શન' શું આ બંનેમાં 'દર્શન' શબ્દનો એક જ અર્થ છે?

<u>ઉત્તર:</u> ના. બંનેના અર્થ જુદા છે.
દર્શનાવરણીય કર્મ ચાર ઘાતી કર્મમાં આવે. આ કર્મ બાંધેલું જીવને બંધમાં આવેલો સ્વભાવ ઉત્પન્ન કરે છે ને ઉદયમાં આવે ત્યારે આત્મામાં રહેલી વસ્તુના સામાન્ય ધર્મો જાણવાની દર્શનશક્તિને આવૃત કરે (ઢાંકી દે). દર્શન એટલે વસ્તુના સામાન્ય ધર્મો જાણવાની શક્તિ

સમ્યગ્દર્શનમાં રહેલા 'દર્શન' શબ્દનો અર્થ રુચિ/શ્રદ્ધા.

<u>પ્રશ્ન:</u> દર્શન મોહનીયના ત્રણ ભેદ (સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય)ના અર્થમાં શું ભિન્નતા છે?

<u>ઉત્તર:</u> સમ્યક્ત્વ મોહનીય એટલે આવેલા સમ્યક્ત્વમાં મુંઝવણો ઊભી કરે. શંકા વગેરે અતિચારો ઉત્પન્ન કરવાનું કામ કરે. આ કર્મ સમ્યક્ત્વ આવરણ નહિ પણ પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વનો દોષિત અથવા કલંકિત કરે છે.
મિશ્ર મોહનીયના ઉદયથી જીવ (આત્મા) મિશ્ર દૃષ્ટિવાળો કહેવાય. ત્રીજું ગુણસ્થાન
મિથ્યાત્વ મોહનીયના ઉદયથી આત્મા મિથ્યાદૃષ્ટિ કહેવાય. ગુણસ્થાન પહેલું જ હોય.